**ફ્રાન્સમાં સ્ટડી માટે જનાર ભારતીય સ્ટુડન્ટ માટે ફ્રેન્ચ સરકાર સ્પેશ્યલ પેકેજ લાવશે જેમાં બે વર્ષના વર્કિંગ વિઝા મળશે**

# અમદાવાદમાંથી જ ફ્રાન્સના વિઝા મળી શકશે : રાજદૂત

'ભારતભરમાંથી અનેક ટૂરિસ્ટ, સ્ટુડન્ટસ, પ્રોફેશનલ ફ્રાન્સમાં જતા હોય છે, સમગ્ર ભારતમાંથી ગુજરાતના ૧૫ ટકા લોકો ફ્રાન્સમાં જતા હોય છે. આ પરિસ્થિતિ જોઇને અમે અમદાવાદમાં જૂન મહિનાંથી એક વિઝા સેન્ટર શરૂ કરવા જઇ રહ્યા છીએ. જેથી અહીંના લોકોને વિઝા માટે મુંબઇ લાંબા થવુ પડશે નહીં. આ વિઝા સેન્ટરમાંથી સાયન્ટિસ્ટ, સ્ટુડન્ટ્સ, ટૂરિસ્ટ જેવા તમામ લોકો આસાનીથી વિઝા મેળવી શકશે.' આ શબ્દો છે ભારતમાં નિમાયેલા ફ્રાન્સના રાજદૂત (એમ્બેસેડર) ફ્રૌંસ્વા રીશીએના. પેરિસમાં ડિસેમ્બર ૨૦૧૫ દરમિયાન યોજાનાર યુનાઇટેડ નેશન ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઇમેટ ચેન્જ (કોપ-૨૧)ની ૨૧મી કોન્ફરન્સ યોજાનાર છે જે અંતર્ગત ફ્રાન્સના રાજદૂત ફ્રૌંસ્વા રીશી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ ગુજરાતના મુખ્યમંત્રી, મિનિસ્ટર, એનજીઓ અને સિવિલ સોસાયટી તેમજ એજ્યુકેશન સંસ્થાનમાં જઇને આ કોન્ફરન્સ અંગે પબ્લિક પાર્ટીસિપેટ અને અવેરનેસની વાત કરી હતી. ઉપરાંત કેટલાક મહત્વના એમઓયુ પણ થયા હતા.

એજ્યુકેશનમાં થનાર કેટલાક મહત્વના ફેરફારો અંગે ફ્રેન્ચ રાજદૂતે વધુ જણાવતા કહ્યું કે અમે આવનાર દિવસોમાં એક સ્પેશ્યલ પેકેજ લાવવા જઇ રહ્યાં છીએ, જે અંતર્ગત ફ્રાન્સમાં સ્ટડી કરનાર સ્ટુડન્ટસને બે વર્ષના વર્કિંગ વિઝા પણ મળે.

અમદાવાદ આલિઓંસ ફ્રૌંસેઝની મુલાકાત દરમિયાન ફ્રાન્સ અને ભારતના સંબંધો વધુ હુંફાળા બને જે અંતર્ગત બન્ને દેશો વચ્ચે અનેક એમયુઓ સરકારી અને પ્રાઇવેટ કંપનીમાં જોવા મળે છે. ફ્રાન્સ કલ્ચરલ અને હેરિટેજનો ઉત્તમ ખજાનો ધરાવે છે. જે અંતર્ગત ભારતમાં હેરિટેજ રિસ્ટોરેશનના અનેક પ્રોજેક્ટ કાર્યરત છે. હાલ ગુજરાતમાં વડોદરાના રોયલ પેલેસમાં હેરિટેજ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. જેમાં ખાસ આઠ છત ઝૂમ્મર રિસ્ટોર કરીને લગાવ્યા છે. જેમાંથી હાલ ત્રણ ઝૂમ્મર ફ્રાન્સમાં રિસ્ટોર માટે ગયા છે. જ્યારે અહીંથી વેસાઇ મહેલ અને લૂવ્ર મ્યુઝિયમના ત્રણ ઝૂમ્મર આ પેલેસમાં મુકવામાં આવ્યા છે. જે વિઝિટર માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. રિસ્ટોરેશન બાદ એક દિવસ પહેલાં જ રોયલ પેલેસમાં આ બેનમૂન હેરિટેજ વસ્તુઓને પ્રદર્શનમાં ખુલ્લી મુકવામાં આવી છે. તેવું ફ્રાન્સના રાજદૂતે જણાવ્યું હતું.

> **વડોદરાના રોયલ પેલેસમાં આઠ છત ઝૂમ્મરનું રિનોવેશન કરાયું. હેરિટેજના અનેક પ્રોજેક્ટ ગુજરાતમાં આરંભાશે**



## આજે આલિઓંસ ફ્રૌંસેઝમાં વ્યાખ્યાન

અમદાવાદ આલિઓંસ ફ્રૌંસેઝ સેન્ટરમાં આજે સાંજે ૭.૦૦ કલાકે આલિઓંસ ફ્રૌંસેઝ, ચંદીગઢના ડાયરેક્ટર પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન શહીદ થનાર ભારતીય સૈનિકો પર વાત કરશે. આ વ્યાખ્યાન ઓપન ફોર ઓલ રહેશે. ઉલ્લેખનીય છે કે પ્રથમ વિશ્વયુદ્ધ ભારતમાં અંગ્રેજી હકૂમત હતી અને અહીંયાથી અનેક સૈનિકોને લડાઇ માટે વિદેશ લઇ જવાયા હતાં. અનેક ભારતીય સૈનિકોએ વિશ્વયુદ્ધમાં કુરબાની આપી હતી જેથી અજાણી વાતોથી આજનો સમાજ વાકેફ નથી.

## અમદાવાદમાં હેરિટેજ સેન્ટરનો વિસ્તાર

અમદાવાદ આલિઓંસ ફ્રૌંસેઝની મુલાકાત દરમિયાન ભારતીયમાં નિમાયેલા ફ્રેન્ચ રાજદૂત ફ્રૌંસ્વા રીશીએ ભારતમાં ચાલતા ફ્રેન્ચ હેરિટેજ પ્રોજેક્ટની વાત કરતા જણાવ્યું કે ગુજરાતનો ચાંપાનેર હેરિટેજ સાઇટ ખૂબ મહત્વની છે. અમે આવનાર દિવસોમાં અમદાવાદના હેરિટેજ સેન્ટરને વિસ્તારીને ગુજરાતભરમાં કામ કરવા જઇ રહ્યાં છીએ. હેરિટેજની જાળવણી માટે અમે અનેક ઘણું કામ કરી રહ્યાં છે. અને લોકોને અવેર પણ કરી રહ્યાં છીએ. અહીંના સિટી હેરિટેજ સેન્ટર સાથે અમે કામ કર્યું છે જેંનો અનેક ઘણો આનંદ છે.

## ફ્રેન્ચ રાજદૂતની વાતના મહત્વના અંશો

- વડોદરાના રોયલ પેલેસમાં રિસ્ટોરેશન બાદ છતના ઝૂમ્મર આકર્ષણ જમાવશે.
- હવે વિઝા લેવા મુંબઇ જવું નહી પડે અમદાવાદમાં શરૂ થશે ફ્રાન્સ વિઝા સેન્ટર.
- ફ્રાન્સ સરકાર આવનાર દિવસોમાં ભારતીય સ્ટુડન્ટ માટે ખાસ બે વર્ષના વર્કિંગ વિઝાનું પેકેજ લાવી રહી છે.
- આઇઆઇટી ગાંધીનગર સાથે એક ફ્રેન્ચ સ્કૂલનો એમઓયુ.
- ગુજરાતમાં આવનાર દિવસોમાં હજીરા પોર્ટમાં અડધા મિલિયન યુરોનું ઇન્વેસ્ટમેન્ટ.
- ઇંગ્લિશમાં ૮૦૦ કોર્સ ફ્રાન્સમાં ભણાવાય છે.
- હાલ ગુજરાતની છ કંપનીઓનું ફ્રાન્સમાં ઇન્વેસ્ટમેન્ટ જેમાં ફાર્મા કંપનીઓ પણ સામેલ છે
- આવનાર દિવસોમાં ગુજરાતની એક એન્જિનિયરિંગ સેકટરની કંપની ફ્રાન્સમાં ઇન્વેસ્ટમેન્ટ કરશે.
- ફ્રેન્ચ રાજદૂતે ચારણકા નર્મદા કેનાલની વિઝિટ કરી, અહીંના ઉત્તમ એન્જિનિયરિંગને જોઇ પ્રભાવિત થયા
- ક્લાયમેટ ચેન્જ અંગે છેલ્લા કેટલાય સમયથી ભારતના વિવિધ રાજ્યોમાં હું ફરી રહ્યો છું.